ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શહેરમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા

**ગાંધીનગરમાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં સવા ઇંચ વરસાદ સેકટરોમાં પાણી ભરાયા વાતાવરણમાં ઠંડક : શહેરમાં સિઝનનો ૧૧ ઇંચ વરસાદ થયો : હજુ મેઘરાજા ધમાકેદાર અને ધોધમાર વરસે તેવી આશ : વરસાદી વાતાવરણથી નગરનુ જનજીવન પ્રભાવિત : દહેગામમાં પણ એક ઇંચ અને કલોલમાં અડધો ઇંચ વરસાદ**









ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે રોજબરોજ ઝરમરીયો વરસાદ વરસતો હતો. જયારે ગઈકાલે રાત્રિના તેમજ આજે સવારના સમયે વરસાદી વાદળો ધોધમાર વરસ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં સવા ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદના લીધે સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદી વાતાવરણ વચ્ચે દિવસ દરમિયાન ઠંડકનુ મોજુ પ્રસર્યુ હતુ. શહેરમાં સિઝનનો અત્યાર સુધીનો ૨૭૧ મી મી વરસાદ નોંધાયો છે. મોડી સાંજે પણ વરસાદી ઝાપડા ચાલુ રહ્યા હતા.

ગાંધીનગરમાં ચોમાસાના પ્રારંભથી વરસાદની પોકાર કાને અથડાય છે. અત્યાર સુધી રાજયના મોટાભાગના શહેરોમાં મનમુકીને મેઘરાજા વરસ્યા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત પાણીમાં તરબતર થઈ ગયુ છે. ત્યારે ગાંધીનગરમાં પણ મેઘરાજા મુશળધાર વરસો અને એક ધમાકેદાર ઈનીંગ્સ રમીને ખેલદીલી બતાવે તેવી લાગણી પ્રબળ બની છે. છેલ્લા ચાર પાંચ દિવસથી શહેરમાં ઝરમર વરસતા મેઘરાજાના લીધે માત્ર ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો હતો. જયારે ગઈકાલે રાત્રિના આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વરસતા ધોધમાર ઝાપટાના લીધે ચોમેર પાણી ભરાઈ ગયા હતા. સેકટરોમાં પણ માર્ગો તેમજ સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા સેકટરના કોમન પ્લોટમાં વરસાદી પાણી ફરી વળતા જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. વરસાદના લીધે વરસાદી સમસ્યાઓ પણ ઉઠવા પામી હતી. આજે સવારે પણ રીમઝીમ વરસાદ વરસ્યો હતો. દિવસ દરમિયાન હળવા વરસાદના લીધે નગરમાં દિવસ દરમિયાન વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો જયારે વરસાદના લીધે ઠંડકનુ મોજુ પ્રસર્યુ હતુ. વરસાદી વાતાવરણ વચ્ચે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૯ મી મી વરસાદ થયો હતો. વરસાદના હળવા ભારે ઝાપટાના અંતે શહેરના મુખ્યમાર્ગો તેમજ સે-૨૨, સે-૨૯ સે-૨૧ સહીતના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. શહેર ઉપરાંત જિલ્લામાં પણ વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ

● અનુસંધાન પાન-૭ પર

## અતિભારે વરસાદની આગાહી

હવામાન વિભાગે અતિભારે વરસાદની આગાહી કરી હતી. જયારે તા ૧૦ ઓગષ્ટના રોજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં વધુ ભારે વરસાદની ચેતવણી આપી છે. જયારે રાજસ્થાન વિસ્તારમાં પણ ભારે વરસાદ વરસશે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે. જયારે વરસાદ દરમિયાન ૩૦ થી ૫૦ કી મી પ્રતિકલાક ની ઝડપે પવન ફુંકાશે તેમ પણ હવામાન વિભાગે જણાંવ્યુ છે. હવામાન વિભાગ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને સતત વેધર વોચ રાખવા રાજય સરકારને તાકીદ કરવામાં આવી છે. જેને ધ્યાને લઈ રાજય સરકારે તમામ સંભવિત જિલ્લાઓના તંત્રને એલર્ટ મોડમાં મુકી દીધુ છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત તેમજ રાજસ્થાનમાં અતિભારે વરસાદની આગાહીના પગલે ચારેય રાજયોના વહીવટીતંત્રને સાબદુ કરાયુ છે.

# જિલ્લાભરમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આજે થયેલ સાર્વત્રિક વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. સાંજે ૬ વાગ્યા સુધીમાં જિલ્લાના ચારેય તાલુકામાં સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ગઈકાલે મોડી સાંજથી ગોરંભાયેલ વાદળો આજે વહેલી સવારથી વરસવાના શરૂ થયા હતા. જિલ્લાના ચારેય તાલુકામાં વહેલી સવારે ૯ મી.મી. જેટલો સરેરાશ વરસાદ નોંધાયો હતો.

આ પછી આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ જિલ્લામાં છવાયેલુ રહ્યુ હતુ. જોકે માણસા અને ગાંધીનગર તાલુકામાં હળવો વરસાદ સતત ચાલુ રહ્યો હતો તો કલોલ અને દહેગામમાં તો સમયાંતરે વરસાદી ઝાપટા થયા હતા.

જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જવાની ઘટનાઓ બની છે તેમજ તેની સીધી અસરો જિલ્લાના વાહન-વ્યવહાર પર પડેલી જોવા મળી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પણ નવા નીરની આવક થવા પામી છે. સાર્વત્રિક વરસાદને પગલે જિલ્લામાં ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આજના આ વરસાદને પગલે ખરીફ ઋતુના વાવેતરમાં પણ નવો વેગ આવ્યો છે.

જિલ્લામાં થયેલ સાર્વત્રિક વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ છે અને હજુ પણ સારો વરસાદ આગામી બે ત્રણ દિવસ થશે તેમ કહી રહ્યા છે. આ વરસાદને કારણે પિયતનો મોટો ફાયદો થયો છે. આકાશી ખેતી કરતા ખેડૂતો આ વરસાદ પછી હજુ પણ સારો વરસાદ થશે તેવી આશા રાખી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પિતાશ્રી **નટવરભાઈ પુંજલદાસ પટેલ**નું દુ:ખદ અવસાન તા. ૯/૮/૨૦૧૯ને શુક્રવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્દગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના. **સદ્દગતનું બેસણું તા. ૧૧/૮/૨૦૧૯ને રવિવારનો રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : અંત્રેશ્વર મહાદેવ, ગામ : ઉવારસદ, તા.જી. ગાંધીનગર**

લી.

પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ (પુત્ર)
સોમાભાઈ પુંજલદાસ પટેલ (ભાઈ)
મથુરભાઈ પુંજલદાસ પટેલ (ભાઈ)
કેશાભાઈ પુંજલદાસ પટેલ (ભાઈ)
કાન્તીભાઈ પુંજલદાસ પટેલ (ભાઈ)
રમેશભાઈ પુંજલદાસ પટેલ (ભાઈ)
બળદેવભાઈ પુંજલદાસ પટેલ (ભાઈ)

ફર્મ
શ્રી ઉમિયા ફ્લોર ફેક્ટરી
શ્રી ઉમિયા કિરાણા સ્ટોર
ઉવારસદ

## દશા સોરઠીયા વણિક અવસાન



અમારા પૂજ્ય પિતાશ્રી **પુરૂષોત્તમદાસ(ઉર્ફે-કનુભાઈ) વલ્લભદાસ વખારિયા, ઉ.વ.૯૦** તા.૯-૮-૧૯ને શુક્રવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે. **સ્વર્ગસ્થની ઈચ્છાનુસાર બેસણું કે લૌકિક વ્યવહાર રાખેલ નથી.**

ગં.સ્વ.શાંતાબેન પુરૂષોત્તમદાસ વખારિયા (ધર્મપત્ની)
અ.સૌ.સુધા દિનેશ માલવિયા (પૂત્રી) પરેશ પી. વખારિયા (પુત્ર)
અ.સૌ.દક્ષા પ્રદિપ પારેખ (પૂત્રી) અ.સૌ.રીટા પી. વખારિયા (પૂત્રવધૂ)
અ.સૌ.બીના હિતેષ શાહ (પૂત્રી) રન્ના વખારિયા પરીખ (પૌત્રી)



મેઘ મહેર - શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ મહેર કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી... શહેરનું સમગ્ર વાતાવરણ તરબતર અનુભવાતું હતું... ચોમાસાની જમાવટ થતા હિલસ્ટેશનનો માહોલ સર્જાયો હતો... નગરમાં બહાર નીકળેલા નાગરિકોએ વરસાદી માહોલનો ભરપૂર આનંદ માણ્યો હતો...

# જળશક્તિ અભિયાનમાં કેન્દ્રીય ટીમે વનીકરણ અને જન-જાગૃતિ પર ભાર મુક્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં જળશક્તિ અભિયાન માટે લોકોમાં જાગૃતિ વધે તેમજ વનીકરણની કામગીરી વધુ સઘન બને તેવો આગ્રહ કેન્દ્રની આવેલી ટીમે આજે જિલ્લાતંત્રને કર્યો હતો.

છેલ્લા ત્રણ દિવસથી જિલ્લામાં ચાલી રહેલ જળશક્તિ અભિયાનની સમીક્ષા માટે આવેલ ટીમે જિલ્લામાં જળ સંચયને લઈ કરવામાં આવેલી કામગીરીને બિરદાવી હતી. તેમણે વનીકરણની ઝુંબેશ સઘન બનાવવાની સાથે સાથે જળસંચય માટે લોકોમાં જાગૃતિ વધે તે દિશામાં પગલાં લેવા સૂચવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# અંબોડમાં દેખાયેલા દિપડાને પકડવા માટે ૧૦ ટીમ કાર્યરત

ગાંધીનગર તા ૯

ગાંધીનગર જિલ્લામાં દિપડોએ લાંબા સમયથી પોતાનો વસવાટ કર્યો છે. જયારે હાલ આ દિપડો અંબોડમાં છે. ત્યારે દિપડાને કેદ કરવા માટે વનતંત્રએ ૧૦ ની ટીમ બનાવી દિપડાને પકડી પાડવા માટે અભિયાન હાથ ધર્યુ છે. નદીની બન્ને તરફના ગામોના વિસ્તારમાં આંટાફેરા કરતા દિપડાને પકડવા માટે ત્રણ ઠેકાણે પાંજરા મુકાયા છે. આ વિસ્તારમાં લાંબા સમયથી દેખા દેતો દિપડો પોતાના પરિવાર સાથે રહેતો હોવાનુ મનાઈ રહ્યુ છે.

**વનતંત્રએ ત્રણ ઠેકાણે પાંજરા મુક્યા : દિપડો પોતાના પરિવાર સાથે વસવાટ કરતો હોવાનુ મનાઇ રહ્યુ છે : દિપડો નદી કાંઠા આસપાસના બન્ને વિસ્તારના ગામોમાં આંટાફેરા મારે છે**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૬ મહીનાથી ગામડાઓ ખુંદતા દિપડાને કેદ કરવા માટે હજુ સુધી વનવિભાગને સફળતા મળી નથી. દિપડો હજુ નદી તટના વિસ્તારમાં જ આંટા મારી રહ્યો છે. અગાઉ પણ દિપડાને પકડી પાડવા માટે વનતંત્ર દ્વારા પાંજરા મુકવામાં આવ્યા હતા. દિપડાને ઝડપી લેવા માટે બનાસકાંઠાના નિષ્ણાંતોની ટીમની પણ મદદ લેવામાં આવી હતી. પરંતુ હજુ સુધી છેલ્લા ઘણાં સમયથી દિપડો એક થી બીજા ગામની સીમમાં આંટા મારી રહ્યો છે. જયારે દિપડો નદીના બન્ને કાંઠાના ગામ તરફ અવરજવર કરી રહ્યો છે. ગઈકાલે પણ દિપડો નદીના પુર્વ વિસ્તારમાં હોવાનુ વનતંત્રને ધ્યાને આવ્યુ હતુ. દિપડો લેકાવાડા, છાલા તેમજ નદીના બીજીતરફના પીંડારડા, પીંપળજ સહીતના ગામોની સીમમાં આંટાફેરા કરતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે હાલ દિપડો અંબોડમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. વનતંત્રના જણાંવ્યા મુજબ દિપડાને પકડવા માટે નિષ્ણાંતોની ૧૦ ટીમ બનાવી છે. જયારે ધરમપુરમાં એક અને અંબોડમાં બે પાંજરા પણ મુકવામાં આવ્યા છે. છેલ્લા ઘણાં સમયથી આ દિપડો આ વિસ્તારમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે દિપડાનો કાયમી વસવાટ જ અહીં હોવાનુ સ્થાનિક ગ્રામજનો જણાંવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989**
**APPLICATION NO. 667 of 2018**

Surendra Bhimrao Sartape ... Applicant
V/s
Sachin Chandravadan Doshi... Opp.Party
And
The New India Assurance Co. Ltd. ... Insurance

To,
Sachin Chandravadan Doshi
Partner, Metawood Display System,
S.R.No.680/3&4,
681/1 Shed-A/2/19, Industrial Estate,
Nani Daman, Daman - 396210

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 05 on 30/08/2019 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 02/08/2019 with my signature and seal of the Judicial Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989**
**APPLICATION NO. 2093 of 2018**

Mrs. Laxmi Khadka Kunwar and Others ... Applicant
V/s
Mr. Bhandari Rakesh Mukeshbhai ... Opp.Party
And
The New India Assurance Co. Ltd. ... Insurance

To,
Mr. Bhandari Rakesh Mukeshbhai
387 Kukavan TA Viramgaon
Dist. Ahmedabad, Gujrat - 382040

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 07 on 19/08/2019 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 09/08/2019 with my signature and seal of the Judicial Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com